પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૯    અંક : ૧૧૯    કુલ પાના : ૪    તારીખ : ૦૯-૦૧-૨૦૨૬    શુક્રવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઈડીનો આરોપ મમતા બેનર્જીએ દરોડા દરમિયાન ફાઈલો છીનવી લીધી,દસ્તાવેજો બળજબરીથી લેવામાં આવ્યા હતા, જેના કારણે કાર્યવાહીની માંગણીઓ વધી રહી છે

કોલકતા

પશ્ચિમ બંગાળમાં આઈ પીએસી વડા પ્રતીક જૈનના પરિસર પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)નો દરોડો, અને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીના આગમન અને ફાઈલો છીનવી લેવાથી રાજકારણ ગરમાયું છે. ઈડીએ ફાઈલો જપ્ત કરવાનો આરોપ લગાવ્યો છે, જ્યારે ભાજપે મમતા બેનર્જી અને મુખ્યમંત્રી સાથેના અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરી છે. દરમિયાન, મમતા બેનર્જીએ ઈડી અધિકારીઓ સામે કેસ દાખલ કરવાનો આદેશ આપ્યો છે, જેમાં તેમના પક્ષના દસ્તાવેજો ચોરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. પાર્ટી ગુરુવારે સાંજે ઈડી દરોડા સામે રાજ્યવ્યાપી વિરોધ કરશે.



ઈડી અનુસાર, ૧૦ સ્થળોએ સર્ચ ચાલી રહ્યું છે, જેમાં છ પશ્ચિમ બંગાળમાં અને ચાર દિલ્હીમાં છે. આ કેસ ગેરકાયદેસર કોલસાની દાણચોરી સાથે સંબંધિત છે. સર્ચ ગેરકાયદેસર વ્યવહારો અને હવાલા ટ્રાન્સફર સાથે જોડાયેલા સ્થળોને નિશાન બનાવી રહી છે, પરંતુ એક વાર્તા બનાવવામાં આવી રહી છે કે ચોક્કસ રાજકીય પક્ષની વ્યૂહરચના નિશાન બનાવવામાં આવી રહી છે. જો કે, હકીકત એ છે કે આ કાર્યવાહી પુરાવા પર આધારિત છે.

ઈડી કહે છે કે એક વાર્તા બનાવવામાં આવી રહી છે કે દરોડા ચૂંટણી સાથે સંબંધિત છે, જ્યારે ઈડી કહે છે કે દરોડાનો ચૂંટણી સાથે કોઈ સંબંધ નથી. તે મની લોન્ડરિંગ સામે નિયમિત કાર્યવાહીનો એક ભાગ છે. દરોડા કાયદાની અંદર અને સ્થાપિત કાનૂની પ્રક્રિયાઓ અનુસાર સખત રીતે હાથ ધરવામાં આવી રહ્યા છે. જો કે, બંધારણીય હોદ્દા ધરાવતા લોકો સહિત કેટલાક વ્યક્તિઓએ ૧૦ માંથી બે સ્થળોએ તેમના પદનો દુરુપયોગ કર્યો, બળજબરીથી દખલગીરી કરી અને દસ્તાવેજો જપ્ત કર્યા.

ઈડીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન, નાણાંના વ્યવહારો આઈ પીએસી સાથે જોડાયેલા હતા. તેથી,આઈ પીએસી કંપની અને તેના ડિરેક્ટરના પરિસર પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. બાકીના આઠ સ્થળો અન્યત્ર સ્થિત છે. કોલસા ખાણકામ કૌભાંડમાં હવાલા ચેનલો દ્વારા ચોક્કસ કંપનીઓ અને વ્યક્તિઓને પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, તેથી જ ઈડી કાર્યવાહી કરી રહી છે. ગુરુવારે સવારે કેસ શરૂ થયો. ઈડીએ આઈપીએસી વડા પ્રતીક જૈનના નિવાસસ્થાન અને તેમના સોલ્ટ લેક કાર્યાલય પર દરોડા પાડ્યા. દરોડા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પહેલા પ્રતીક જૈનના ઘરે અને પછી તેમના સોલ્ટ લેક નિવાસસ્થાનની મુલાકાત લીધી, અને દરોડા દરમિયાન આઈ પીએસી ઓફિસ અને ટેક્સ ઓફિસમાંથી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા.

સોલ્ટ લેક ઓફિસ પાસે સફેદ મહિન્દ્રા કારમાં અનેક ફાઈલો મૂકવામાં આવી હતી. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ફાઈલો રાખવામાં આવી હતી. કારની પાછળ ઘણી વાદળી અને પીળી ફાઈલો અને કાગળોના બંડલ મૂકવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી મમતા બેનર્જી ખાલી હાથે ઘરેથી નીકળ્યા હતા, પરંતુ જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે તેમની પાસે લીલા રંગની ફાઈલ હતી. ઈડીની કાર્યવાહીથી મમતા બેનર્જી ગુસ્સે ભરાયા હતા.

મમતા બેનર્જીએ ઈડી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ ભાજપના ઈશારે કામ કરી રહ્યું છે. "તેઓ અમારી આઈટી ઓફિસમાં આવ્યા અને અમારા લેપટોપ લઈ ગયા. અમારા એસઆઈઆર ડેટા અને પાર્ટી પોલિસી ડેટા ચોરાઈ ગયા," તેમણે આરોપ લગાવ્યો. "તેઓએ અમારી ચૂંટણી વ્યૂહરચના છીનવી લીધી અને કાગળો લૂંટી લીધા." તેમણે જાહેર કર્યું કે આ લોકશાહીની હત્યા છે.

તેમણે કહ્યું, "આ મોટા ડાકુ છે. અમે સંયમિત લોકો છીએ, પરંતુ જો તમે અમને પડકારશો, તો અમે તેને ક્યારેય પચાવી શકીશું નહીં. જો તમે બંગાળ જીતવા માંગતા હો, તો ચૂંટણી લડો, ચોરી ન કરો." તેમણે કહ્યું કે તેઓ આ સામે એફઆઈઆર નોંધાવશે.મમતા બેનર્જીએ કહ્યું, "તમે જૂઠું બોલીને લૂંટ કરો છો. જો તમે (ભાજપ) અમારી સાથે સ્પર્ધા કરી શકતા નથી, તો તમે બંગાળ કેમ આવી રહ્યા છો? અમને લોકશાહી રીતે હરાવો. તમે અમારા દસ્તાવેજો, અમારી વ્યૂહરચના, અમારા મતદારો, અમારા ડેટા, અમારા બંગાળને લૂંટવા માટે એજન્સીઓનો ઉપયોગ કરી રહ્યા છો... આમ કરવાથી, તમે જીતી રહેલી બેઠકોની સંખ્યા શૂન્ય થઈ જશે. માફ કરશો, વડા પ્રધાન, કૃપા કરીને તમારા ગૃહમંત્રી પર લગામ લગાવો."

બીજી તરફ, વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે મુખ્યમંત્રીએ અગાઉ કેન્દ્રીય એજન્સીના કામમાં દખલ કરી છે. ૨૦૨૧ માં, તેમણે ફિરહાદ હકીમ, સુબ્રત મુખર્જી, શોવન ચેટર્જી અને મદન મિત્રાની ધરપકડના વિરોધમાં નિઝામ પેલેસ ખાતે ધરણા કર્યા હતા. અગાઉ, જ્યારે કેન્દ્રીય અધિકારીઓએ શારદા કેસમાં રાજીવ કુમારના ઘરની તપાસ કરી હતી, ત્યારે તેઓ કોલકાતામાં મુખ્યમંત્રી સાથે ધરણા પર બેઠા હતા.

આ અંગે તેમણે કહ્યું, "મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી આવી કાર્યવાહી એક બંધારણીય સંસ્થાના કામમાં દખલ કરવાનો અને તપાસમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ છે. મુખ્યમંત્રી માત્ર એક રાજકીય નેતા નથી; તે એક વહીવટી વડા છે. મારું માનવું છે કે ઈડી મુખ્યમંત્રી સામે કાર્યવાહી કરવા માટે તેની શક્તિનો ઉપયોગ કરશે. તેઓ કાયદાના દાયરામાં રહીને કાર્યવાહી કરશે." સુવેન્દુ અધિકારીએ કહ્યું, "હું મુખ્યમંત્રી અને મુખ્યમંત્રીના વિદાયને અન્યાયી માનું છું."હું તેને ગેરબંધારણીય અને અનૈતિક માનું છું. તપાસ સીધી રીતે અવરોધાઈ હતી.

## ગુજરાતીઓ સાત દિવસ ઠંડી માટે રહેજો તૈયાર, ૧૪મી જાન્યુઆરી સુધી નહીં મળે કોઈ રાહત

અમદાવાદ

ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડી સાથે અનેક વિસ્તારોમાં કોલ્ડ વેવની આગાહી આપવામાં આવી છે. ત્યારે ગુજરાતમાં પણ થોડા દિવસથી શિયાળો જામ્યો છે. ગુજરાતમાં આગામી સાત દિવસ ઠંડી હજી વધશે કે ઓછી થશે તે અંગેની હવામાન વિભાગની આગાહી જોઈએ.

ઉત્તર ભારતમાં ઠંડી અને ધુમ્મસનો કહેર છવાયેલો છે, જ્યાં પશ્ચિમી વિક્ષેપ અને જેટ સ્ટ્રીમના પ્રભાવને કારણે તાપમાન શૂન્યથી નીચે રહે છે. આગામી બે દિવસમાં દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં પણ થોડો ઘટાડો જોવા મળશે. જ્યારે દેશના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ અને તેજ પવન ફૂંકાશે તેવી ચેતવણી આપવામાં આવી છે. ત્યારે ઉત્તર, મધ્ય અને પૂર્વ ભારતમાં ઠંડીનું મોજું ચાલુ છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમી વિક્ષેપ અને સક્રિય ઉષ્ણકટિબંધીય પશ્ચિમી જેટ પ્રવાહને કારણે ઉત્તર ભારતના મોટા ભાગના ભાગો ઠંડી, કોલ્ડવેવ અને ગાઢ ધુમ્મસની ઝપેટમાં આવી રહ્યા છે.

ગુજરાતના પાડોશી રાજ્યમાં પણ ઠંડીએ રેકોર્ડ તોડ્યા છે. ત્યારે હવામાન વિભાગે ગુજરાતની ઠંડી અંગેની આજની આગાહી આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ગુજરાતમાં ઉત્તરપૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી સાત દિવસ એટલે ૧૪મી જાન્યુઆરી સુધી લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. સાત દિવસ ગુજરાતનું હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સૌથી નીચું ૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નલિયામાં નોંધાયું છે. આ સાથે અમદાવાદમાં ૧૪.૪ ડિગ્રી, અમરેલીમાં ૧૧.૬ ડિગ્રી, ભુજમાં ૧૦, ગાંધીનગરમાં ૧૩.૪, સુરતમાં ૧૫.૮, રાજકોટમાં ૧૦.૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં અને દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી નીચે રહ્યું હતું; બાકીના પ્રદેશમાં સામાન્ય રહ્યું હતું.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણપૂર્વ બંગાળની ખાડી અને નજીકના પૂર્વીય વિષુવવૃત્તીય હિંદ મહાસાગર પરનું ડિપ્રેશન પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું છે. આ સિસ્ટમ પછી પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધશે અને દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડીને પાર કરશે, જેના કારણે ગુરુવારથી તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. બંને સમુદ્રમાં ચક્રવાતી વાવાઝોડાને કારણે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. કારણ કે ૩૫-૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

## લગ્ન સહિતના ખોટા દસ્તાવેજોથી વિદેશ મોકલવાનું મોટું કૌભાંડ ઝડપાયું, ભરૂચ એસઓજીએ ૪ આરોપીને દબોચ્યાં

ભરૂચ

ભરૂચ જિલ્લામાં ફેક લગ્ન અને ખોટા દસ્તાવેજોના આધારે વિદેશ મોકલવાના મવટા ફ્રોડનો પર્દાફાશ થયો છે. ભરૂચ જીં પોલીસ દ્વારા કરાયેલી મોટી રેડમાં આ ગેંગની કામગીરી બહાર આવી છે, અને ચાર આરોપીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ દ્વારા ખોટા લગ્ન સર્ટિફિકેટ, બનાવટી આધાર કાર્ડ તથા અન્ય મહત્વના દસ્તાવેજો તૈયાર કરી વિઝા પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં આવતી હતી અને નિર્દોષ લોકો પાસેથી મોટી રકમ ઉઘરાવવામાં આવતી હતી.

ભરૂચ એસઓજી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, વિદેશ જવાની લાલચ આપી લોકો પાસેથી નાણાકીય ફાયદો મેળવવા માટે સુનિયોજિત રીતે આ લોકો કામ કરતા હતાં, ખોટા લગ્ન દર્શાવી પતિ-પત્ની તરીકેના દસ્તાવેજો બનાવવામાં આવતા હતા, જેના આધારે પાસપોર્ટ અને વિઝાની કાર્યવાહી સરળતાથી પૂર્ણ થતી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં બનાવટી આધાર કાર્ડ, ઓળખપત્રો તથા અન્ય સરકારી કાગળોનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

આ કેસમાં આરોપી તરીકે રિઝવાન ઈસ્માઈલ મેદા (રહેવાસી ગામ વલણ, તાલુકો કરજણ, જિલ્લો ભરૂચ, હાલ યુકે), તસ્લીમાબાનું ઈસ્માઈલ કારભારી (રહેવાસી જંબુસર, જિલ્લો ભરૂચ, હાલ યુકે), ફૈઝલ ઈસ્માઈલ કારભારી (રહેવાસી પટેલ સોસાયટી, જંબુસર, જિલ્લો ભરૂચ, હાલ યુકે) અને એડવોકેટ સાજિદ કોઠિયા (રહેવાસી ગામ ટંકારિયા, તાલુકો-જિલ્લો ભરૂચ, હાલ કેનેડા)ની સંડોવણી બહાર આવી છે. આરોપીઓ વિદેશમાં રહેતા હોવા છતાં ભારતમાંથી ફ્રોડનું નેટવર્ક સંચાલિત કરતા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ફેક દસ્તાવેજો, વિઝા સંબંધિત મહત્વના કાગળો, ડિજિટલ ડેટા તથા અન્ય પુરાવાઓ કબ્જે લેવામાં આવ્યા છે. આ દસ્તાવેજોના આધારે અન્ય પીડિતોની સંખ્યા અને ફ્રોડની વ્યાપકતા અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસનું માનવું છે કે, ભરૂચ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં પણ આ ગેંગે સમાન પ્રકારના કૌભાંડ કર્યા હોવાની શક્યતા છે.

આ મામલે પાલેજ પોલીસ સ્ટેશનમાં બીએનએસ તથા આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને વિદેશમાં રહેલા આરોપીઓને પકડવા માટે પણ જરૂરી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાઈબર અને દસ્તાવેજી ફ્રોડના એંગલથી પણ તપાસ તેજ કરવામાં આવી છે.

આ સમગ્ર કેસ અંગે ભરૂચના જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, ફેક દસ્તાવેજો બનાવી વિદેશ મોકલવાના ફ્રોડ સામે પોલીસ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી રહી છે. સામાન્ય નાગરિકોએ પણ વિદેશ જવાની પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની શંકાસ્પદ ઓફર કે દસ્તાવેજી વ્યવહાર સામે સાવચેત રહેવાની જરૂર છે અને કોઈપણ ફ્રોડ અંગે તરત પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી છે. પોલીસની તપાસ હજુ ચાલુ છે અને આવનારા દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સાબરમતી જેલના હાઈસિક્યુરિટી ઝોનમાં આવેલી વિશાલ ગોસ્વામીની બેરેકમાંથી આઈફોન સહિત બે ફોન મળ્યા

અમદાવાદ

ગુજરાતની સૌથી સુરક્ષિત જેલ ગણાતી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની સુરક્ષા અંગે ફરી સવાલો ઊભા થયા છે. સાબરમતી જેલમાં કુખ્યાત વિશાલ ગોસ્વામીના બેરેકમાંથી એક આઈફોન અને કીપેડ ફોન એમ બે ફોન મળી આવ્યા છે. આ માહિતી મળ્યા બાદ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. રાણીપ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરના સાબરમતી જેલમાં આવેલા હાઈસિક્યુરિટી ઝોનમાંથી બે ફોન મળી આવ્યા છે. કુખ્યાત કેદી વિશાલ ગોસ્વામીની બેરેક શંકાસ્પદ જણાઈ હતી. જે બાદ જેલના ઈન્ચાર્જ બેરેકની તપાસ કરવામાં આવી હતી. તપાસ કરાતા વિશાલ ગોસ્વામીની જેલની ખોલીમાંથી આઈફોન અને કીપેડ



એમ બે ફોન મળી આવ્યા હતા.

નોંધનીય છે કે, અમદાવાદમાં વર્ષ ૨૦૧૫માં ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગ સક્રિય થઈ અનેક જ્વેલર્સ માલિકો પર ખંડણી માટે ફાયરિંગ કર્યાના ગુના નોંધાયા છે. ગોસ્વામી ગેંગ દ્વારા શહેરના મોટા વેપારીઓને ધમકી ભર્યા ફોન કરવામાં આવી રહ્યા હતા અને ખંડણી માગવામાં આવી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ સમયે ઉત્તરપ્રદેશમાંથી વિશાલ ગોસ્વામીને પકડી પાડ્યો હતો. હાલ તે સાબરમતી જેલમાં બંધ છે.અમદાવાદની હાઈ-સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલ જેલમાં થોડા દિવસો પહેલા પણ મોબાઈલ મળી આવ્યો હતો. જેલ પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમિયાન 'બડા ચક્કર' વિભાગમાંથી એક સ્માર્ટફોન મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. કેદીઓએ પોલીસની નજરથી બચવા માટે જેલના બાથરૂમની ટાઈલ્સ પાછળ ખૂબ જ ચાલાકીપૂર્વક આ મોબાઈલ છુપાવ્યો હતો. જોકે, ઝડપાયેલા આ મોબાઈલમાં સીમકાર્ડ મળી આવ્યું નથી. જેથી આ મોબાઈલ કોનો છે એ ખબર ન પડે.

## સુરત બિટકોઈન કેસઃ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને હાઈકોર્ટે આપ્યા જામીન, ૫૦હજારના બોન્ડ પર મુક્તિ

સુરત

સુરતના બહુચર્ચિત બિટકોઈન ખંડણી કેસમાં એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે. કોર્ટે તેમને ૫૦,૦૦૦ રૂપિયાના પર્સનલ બોન્ડ પર જામીન આપવાનો આદેશ કર્યો છે.વર્ષ ૨૦૧૮માં સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી તેમની પાસેથી કરોડોની કિંમતના ૧૭૬ બિટકોઈન બળજબરીથી ટ્રાન્સફર કરાવવાનો અને ૩૨ કરોડની ખંડણી માંગવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. આ ગુનામાં પોલીસ અધિકારીઓ સહિત કુલ ૧૪ શખ્સો સામેલ હતા, જેમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાનું નામ પણ મુખ્ય આરોપી તરીકે ખુલ્યું હતું.અમદાવાદની સ્પેશિયલ એસીબી કોર્ટે આ કેસમાં પુરાવાઓ અને સાક્ષીઓને આધારે નલિન કોટડિયા સહિત તમામ ૧૪ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આ તમામ આરોપીઓને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. આ ચુકાદા બાદ નલિન કોટડિયા જેલવાસ ભોગવી રહ્યા હતા.એસીબી કોર્ટના ચુકાદાને તમામ દોષિતોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને સાથે જ જામીન મેળવવા માટે અરજી કરી હતી. આ મામલે સુનાવણી દરમિયાન અગાઉ હાઈકોર્ટે ઉપરી અધિકારીઓના આદેશ હેઠળ કામ કરનારા ૯ પોલીસ કોન્સ્ટેબલોને જામીન આપ્યા હતા. ત્યારબાદ ૮ જેટલા અન્ય પોલીસ કર્મચારીઓને પણ જામીન મળી ચૂક્યા છે. હવે, પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાની જામીન અરજી પર સુનાવણી કરતા હાઈકોર્ટે તેમને રાહત આપી છે અને શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. જામીન મળવા છતાં આ કેસની મુખ્ય અપીલ હજુ હાઈકોર્ટમાં પડતર છે, જેના પર આગામી સમયમાં અંતિમ સુનાવણી હાથ ધરવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬નું ઉદ્ઘાટન નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદમાં થશે

અમદાવાદ

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્ત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આ વર્ષે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ ઉદ્ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું આયોજન પુરજોશમાં કરવામાં આવી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતના ૧૩ રાજ્યોમાંથી ૬૫ તથા ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો એમ કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ ભાગ લેશે. આ મહોત્સવ દરમિયાન ૨૫ હસ્તકલા સ્ટોલ અને ૧૫ ફૂડ સ્ટોલ કાર્યરત રહેશે, જે સ્થાનિક કલા, હસ્તકલા અને સ્થાનિક વ્યંજનોને પ્રોત્સાહન આપશે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ અમદાવાદ ઉપરાંત રાજકોટ, સુરત અને કચ્છના ધોળાવીરામાં ૧૦મી જાન્યુઆરી ૨૦૨૬, વડનગર, શિવરાજપુર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ તેમજ વડોદરા ખાતે ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવે સમગ્ર ગુજરાતમાં ૩.૮૩ લાખથી વધુ મુલાકાતીઓને આકર્ષ્યા હતા. 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' દ્વારા ગુજરાત ટૂરિઝમ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે અગ્રણી સાંસ્કૃતિક અને પ્રવાસન સ્થળોમાં પ્રવાસીઓને આકર્ષિત કરી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અંદાજિત પાંચ લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવશે તેમ ગુજરાત ટૂરિઝમની યાદીમાં જણાવાયું છે.



# ઉતરાયણ પર્વે પશુ-પક્ષીઓના સંરક્ષણ માટે મહીસાગર વહીવટીતંત્રની જાહેર અપીલ

મહીસાગર, આગામી ૧૪ જાન્યુઆરીના રોજ ઉજવાતા ઉતરાયણ પર્વ નિમિત્તે મહીસાગર જીલ્લાના નાયબ પશુપાલન નિયામક દ્વારા જાહેર જનતાને પતંગોત્સવ દરમિયાન સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે. પતંગ ચગાવવા માટે વપરાતી પ્લાસ્ટિક (ચાઈનીઝ) દોરી કે વધુ કાચ પીવડાવેલી દોરી માનવ જીવન અને અબોલ પશુ-પક્ષીઓ માટે અત્યંત જોખમી હોવાથી સરકાર દ્વારા તેના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પક્ષીઓની અવર-જવરના મુખ્ય સમયગાળા એટલે કેસવારે ૮:૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૫:૦૦ વાગ્યા પછીપતંગ ન ચગાવવા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે જેથી પક્ષીઓને જીવલેણ ઈજાઓથી બચાવી શકાય.

ઉતરાયણના પવિત્ર પર્વે પશુઓને રાંધેલું અનાજ (શીરો કે રોટલા) ખવડાવવાની પરંપરા છે, પરંતુ અતિશય માત્રામાં આવો ખોરાક ખવડાવવાથી ગાય-ભેંસ જેવા પશુઓમાં હોજરીના અપચાની ગંભીર બીમારી (એસીડોસીસ) થવાની અને તેના કારણે મૃત્યુ થવાની પણ શકયતા રહે છે. આથી, નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે રાંધેલું અનાજ અલગ-અલગ વિસ્તારોમાં વહેંચીને ખૂબ જ ઓછી માત્રામાં પશુઓને આપવું, જેથી પુણ્ય કમાવવાની ભાવના પશુઓ માટે જીવલેણ ન બને.

આ પર્વ દરમિયાન જો કોઈ ઘાયલ અથવા બીમાર પશુ કે પક્ષી નજરે પડે, તો તેને તાત્કાલિક નજીકની પશુ સારવાર સંસ્થામાં લઈ જવા અથવા બિનવારસી પશુઓ માટેનીહેલ્પલાઇન નંબર ૧૯૬૨૫૨ સંપર્ક કરી ત્વરિત સારવાર કરાવવા જનતાને અનુરોધ છે. 'જીવ રક્ષા અને જીવ સેવા એ જ સર્વોત્તમ પુણ્ય કાર્ય છે' તે ભાવના સાથે દરેક નાગરિક જવાબદારીપૂર્વક ઉતરાયણની ઉજવણી કરે તેવી અપીલ મહીસાગર જીલ્લા પંચાયત દ્વારા કરવામાં આવી છે.

# કવાંટમાં ભાજપની રેલીમાં ડીજેના અવાજથી ગાય ભડકતા દોડધામ : ૪ લોકો અડફેટમાં આવ્યા



છોટા ઉદેપુર, છોટા ઉદેપુર જીલ્લાના કવાંટ ખાતે ભાજપની સન્માન રેલી દરમિયાન અફરાતફરી મચી ગઈ હતી. ઢોલ-નગારા અને ડીજેના અવાજથી ભડકેલી એક ગાયે રેલીમાં દોટ મૂકી હતી અને ચારથી પાંચ લોકોને અડફેટે લીધા હતા.

આ ઘટના ભાજપના નવનિયુક્ત પ્રદેશ પદાધિકારીઓના સન્માન સમારંભ નિમિત્તે યોજાયેલી રેલીમાં બની હતી.આ કાર્યક્રમમાં રાજ્યના આદિજાતિ વિભાગના મંત્રી નરેશ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવા અને આદિજાતિ મોરચાના પ્રમુખ ગણપત વસાવા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અગ્રણીઓના સ્વાગત માટે કવાંટમાં ઢોલ-નગારા અને બેન્ડ વગાડવામાં આવી રહ્યા હતા. આ ભારે અવાજને કારણે ત્યાં ફરતા પશુઓ વિફર્યા હતા, જેમાં એક ગાયે કાબૂ ગુમાવી રેલીમાં હાજર લોકોને અડફેટે લીધા હતા. આ ઘટનાથી રેલીમાં થોડા સમય માટે ભાગદોડ મચી ગઈ હતી.

## સંખેડા KGBVમાં દ્વિતીય વાર્ષિક ઉત્સવ યોજાયોઃવિદ્યાર્થીનીઓએ ૨૦ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી



સંખેડા, સંખેડા ખાતે આવેલી સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)માં દ્વિતીય વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી. આ ઉત્સવમાં વિદ્યાર્થીનીઓએ ૨૦ જેટલી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. વિવિધ ક્ષેત્રે વિજેતા બનેલી દીકરીઓનું સન્માન પણ કરાયું હતું.આ વાર્ષિક ઉત્સવનો મુખ્ય હેતુ દીકરીઓના સન્માનનો હતો. KGBV સંખેડા પરિવારે વિવિધ કક્ષાએ વિજેતા થયેલી દીકરીઓને સન્માનિત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ પ્રકારની ૨૦ કૃતિઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે સંખેડાના સરપંચ શાહ નિતિન, TPEO પ્રદીપ પટેલ, BRC વિમલ પટેલ, જીલ્લા જેન્ડર કો-ઓર્ડિનેટર ઉનિયાલ કૃતિકા, કન્યા શાળાના આચાર્ય નરેશ, શિક્ષક સંઘના પ્રતિનિધિઓ, નોડલ પર્સન રાઠોડ હેતલ, વોર્ડન કમ હેડ ટીચર ગીતા રાઠવા, આસિસ્ટન્ટ વોર્ડન ખલીફા સંજીદાબાનું, સ્ટાફ મિત્રો, અન્ય આગેવાનો, ગ્રામજનો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સમૂહ રાષ્ટ્રગાન કરીને વાર્ષિક ઉત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું.

## બોડેલીના જેસીંગપુર - ફતેપુર માર્ગ પર કોતરના કોઝવે જર્જરિત હાલતમાં મુકતા બે ભાગમાં વહેંચાઈ

ઉચાપાન, બોડેલીના જેસીંગપુરા થી ફતેપુર ના માર્ગ પર આવેલા કોતરનો કોઝવે જર્જરીત હાલતમાં મુકાતા બે ભાગમાં વહેંચાઈ જવાની સ્થિતિ સર્જાઇ છે. જેના પગલે વાહન ચાલકો ને અકસ્માત નો ભય સેવાઈ રહ્યો છે.છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન જેસીંગપુરા થી ફતેપુર લીંબાણી કઠવા કુવા જેવા અંતરિયાળ વિસ્તારના અનેક ગામડા ઓમાંથી પસાર થઈ મુખ્ય માર્ગ ને જોડતા માર્ગ પરનું નાળુ લાબા સમય થી જર્જરીત હાલતમાં મુકાતા અકસ્માત ની ઘટના ઘટે તેવી સ્થિતિનું નિર્માણ બનવા પામ્યું છે.બોડેલી તાલુકાના ઊંચાપાન થી ફતેપુર ના માર્ગ પર આવેલા કોતર ઉપર નું નાળુ લાબા સમય થી જર્જરીત હાલતમાં હોવા છતા તંત્ર ના દયાને ન આવતા ગમે તે સમયે બે ભાગમાં વહેંચાઈ જવાની સ્થિતિમાં નિર્માણ બનવા પામ્યું છે.અંતરિયાળ વિસ્તારમાંથી અનેક ગામડાઓમાંથી પસાર થતો માર્ગ મુખ્ય માર્ગ ઉપર આવેલા ઊંચાપાન થી ડુંગરવાટ, જાંબુઘોડા બોડેલી છોટાઉદેપુર તાલુકા તેમજ જીલ્લા મથકે જોડતો મહત્વનો માર્ગ જોખમી બનતા વિદ્યાર્થી ખેડૂત પુત્રો સહિતના અન્ય વાહન વ્યવહાર ને પસાર થવા જીવનો જોખમે મજબૂર થવા પામ્યા છે. જેથી કરીને તંત્ર દ્વારા વહેલી તકે મરામત કરવામાં આવે તો રોજિંદા અવર-જવર કરતા લોકોને રાહત મળે તેમ છે.

## મહીસાગરમાં પાક નુકસાની સહાયનું ૯૫ ટકા વિતરણ પૂર્ણ : ખેડૂતોના ખાતામાં રૂ. ૧૩૫.૨૮ કરોડ જમા થયા

મહિસાગર, મહીસાગર જીલ્લામાં કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાન સામે ખેડૂતોને સહાય વિતરણની કામગીરી ૯૫ ટકા પૂર્ણ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૫૭,૦૦૦ ખેડૂતોના ખાતામાં કુલ રૂ.૧૩૫.૨૮ કરોડની સહાય જમા કરવામાં આવી છે.

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું હતું. ખેડૂતોના આર્થિક હિતને દયાનમાં રાખીને રાજ્ય સરકારે સમગ્ર રાજ્યના ખેડૂતો માટે રૂ.૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત મહીસાગર જીલ્લામાં પાક નુકસાની સહાય માટે કુલ ૫૯,૪૦૮ ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી હતી. વહીવટી તંત્ર દ્વારા સર્વે અને ચકાસણી બાદ ૫૭,૦૦૦ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. આ સહાય વિતરણથી મહીસાગર જીલ્લાના હજારો ખેડૂત પરિવારોને આર્થિક ટેકો મળ્યો છે અને ખેતીના નુકસાન સામે મોટી રાહત પ્રાપ્ત થઈ છે.

## લુણાવાડાની એસ.કે. હાઈસ્કૂલમાં માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

મહીસાગર, માર્ગ સલામતી માર્ચ ૨૦૨૬ ના ઉપલક્ષમાંલુણાવાડાની એસ.કે. હાઈસ્કૂલ ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ચાલી રહેલા વાર્ષિક મહોત્સવ દરમિયાન આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર એમ.એમ. પરમાર અને આસિસ્ટન્ટ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર એન.કે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે અધિકારીઓએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને માર્ગ અકસ્માતો ઘટાડવા માટે શિસ્તબદ્ધ વાહન ચલાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન અધિકારીઓ દ્વારા સરકારની મહત્વાકાંક્ષી 'રાહ વીર વિશે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. જેમાં અકસ્માત સમયે ઘાયલોને તાત્કાલિક મદદ કરનાર વ્યક્તિને મળતી સહાય અને કાયદાકીય રક્ષણ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. અંતમાં, માર્ગ સલામતીના નિયમો દર્શાવતા પેમ્પલેટ્સનું વિતરણ કરી સૌને સુરક્ષિત મુસાફરી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શાળા પરિવાર અને વાલીઓએ આર.ટી.ઓ. વિભાગની આ પહેલને બિરદાવી હતી.

# સંખેડા ગ્રામ પંચાયતે વેરો ન ભરતાં બાકીદારોના નળ જોડાણ કપાયા



સંખેડા, સંખેડા ગ્રામ પંચાયતે બાકી વેરા વસૂલાત માટે આક્રમક કાર્યવાહી હાથ ધરી છે. લાંબા સમયથી મકાન વેરો, પાણી વેરો, સફાઈ વેરો અને લાઈટ વેરો સહિતના કર ન ભરતા છ બાકીદારોના નળ કનેકશન પંચાયત દ્વારા કાપી નાખવામાં આવ્યા હતા. પંચાયતની આ કડક કાર્યવાહીથી ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ગ્રામ પંચાયત છેલ્લા ઘણા દિવસોથી બાકી વેરા વસૂલવામાટે વિશેષ ઝુંબેશ ચલાવી રહી છે. મંગળવારે પંચાયત દ્વારા ગામના વિવિધ વિસ્તારોમાં જાહેર નોટિસો લગાવી બાકીદારોને તાત્કાલિક વેરા ભરવા માટે અંતિમ ચેતવણી આપવામાં આવી હતી. નોટિસમાં સ્પષ્ટ કરાયું હતું કે, વેરા ન ભરવામાં આવે તો કાયદેસર તથા સેવાઓ બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ચેતવણી છતાં કેટલાક બાકીદારોએ વેરા ભરવામાં બેદરકારી દાખવતા પંચાયતે કોઈ ઢીલાશ ન રાખી નળ કનેકશન કાપવાની કાર્યવાહીઅમલમાં મૂકી હતી. પંચાયતના તલાટી વિપુલભાઈ પ્રજાપતિએજણાવ્યું હતું કે, ગામના વિકાસ, સફાઈ, પાણી પુરવઠા અનેલાઈટ જેવી મૂળભૂત સેવાઓમાટે વેરા વસૂલાત અનિવાર્ય છે. પંચાયતે અન્ય બાકીદારોનેપણ તાત્કાલિક વેરા ભરવાની અપીલ કરી છે, નહીંતર આવું જકડક પગલું લેવામાં આવશે. હાલમાં તો આજે છ નળ કનેકશન કાપ્યા છે. હજીજરૂરી બીજા પગલા પંચાયતભરાશે.

# મહીસાગર જીલ્લામાં કામ કરતા તમામ શ્રમિકો/ કામદારોની માહિતી પોલીસને આપવી ફરજીયાત

મહીસાગર, મહીસાગર જીલ્લામાં નવા બંધાતા મકાનોમાં તેમજ નગરપાલિકા/ગ્રામપંચાયત વિસ્તારમાં મજુરી કામ અને ટેલિફોન કંપની દ્વારા ખોદાતા ખાડાઓનુ મજુરીકામ મેળવી તેમજ અન્ય મજુરી કામ કરવા બહાના હેઠળ કેટલાક ઈસમો રોકાણ કરી પરિસ્થિતિનો સર્વે કરી માહિતગાર થઈ મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. તેમજ લેબર કોન્ટ્રાક્ટરો/મુકાદમો/રોજગારી આપનાર સંસ્થાઓ/એકમો તરફથી કામગીરી માટે રાખેલ શ્રમિકો/કામદારોનો કોઇ પુર્વ ઈતિહાસ, નાગરિકતા તથા ઓળખ કર્યા સિવાય રોજગારી આપી દેવામાં આવતી હોય છે જે દેશની આંતરિક સુરક્ષા માટે અયોગ્ય અને અનિચ્છનિય છે.

જેથી સરકાર કક્ષાએથી પણ રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/સંસ્થાઓમાં શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પુર્વ ઈતિહાસ,નાગરિકતા અને ઓળખ અંગે વેરીફીકેશન/ચકાસણી કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સુચના થઈ આવેલ છે. જેમાં દેશની સાંપ્રત પરિસ્થિતિને જોતા પરપ્રાંતિય/દેશની બહારના અસામાજીક પ્રવૃતિ ધરાવતા ઈસમો જીલ્લામાં કામના બહાને આશરો મેળવે અને જીલ્લાની શાંતિ અને સલામતિનું વાતાવરણ બગાડે તે શક્યતા નકારી શકાય નહી. જેથી મહીસાગર જીલ્લામાં લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમ/રોજગારી આપતી સંસ્થાઓ તથા એકમોએ જે શ્રમિકો/કામદારોને પોતાની પાસે કામ માટે રાખેલ હોય અને કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓની તમામ વિગતો (પુર્વ ઈતિહાસ/નાગરિકતા/ઓળખ) અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનોને દિન-૭ માં જાણ કરવા માટે મહીસાગર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સી.વી.લટા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. મહીસાગર જીલ્લામાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ઉદ્યોગો, બેંકિંગ, ફાયનાન્સ તથા પ્રાઈવેટ સેક્ટરના એકમોના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, શ્રમિકો, કામદારો વિગેરે જે હાલમાં કામ ઉપર છે તેમની સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાહેરનામુ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં ફરજીયાતપણે નોંધણી કરાવવાની રહેશે. વધુમાં હવે પછીથી કામ ઉપર રાખવામાં આવનાર તમામ કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/શ્રમિકો વિગેરે નવા કામદારો કામ ઉપર આવ્યેથી દિન ૦૭ માં નોંધણી કરાવવાની રહેશે.'' આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ તા.૧૦/૦૧/૨૦૨૬ થી તા.૧૦/૦૩/૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

# સંખેડા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ઉપપ્રમુખે ટી.ડી.ઓ. સાથે ૧૫ ટકા કામો અંગે ઉગ્ર રજુઆત

સંખેડા, સંખેડા તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી.સભામાં કેટલાક સભ્યો ગેરહાજર રહેલા જોવા મળ્યા હતા.આ સભામાં બચત ગ્રાન્ટ, સ્વભંડોળ, ૧૫ ટકા આયોજન વિગેરેના મુદ્દે સભા ગરમાઈ હતી.ઉપપ્રમુખે કહ્યું,કામો કયા થયા બતાડો,ચાલો ટી.ડી.ઓ. ગાડીમાં બેસો,બતાડો? ટી.ડી.ઓ.એ કહ્યું,એ સામાન્ય સભાનો મુદ્દો નથી. લેખિતમાં આપી દો.ચેક કરાવી લઈશું, સંખેડા તાલુકા પંચાયતની સામાન્ય સભા પંચાયતના સભાખંડમાં યોજાઈ હતી.જેમાં તાલુકા વિકાસ અધિકારી,કર્મચારીઓ તેમજ તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ, સભ્યો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.મોટાભાગે મહિલા સભ્યો ગેરહાજર જોવા મળી હતી.આ સામાન્ય સભામાં આવાસના રેગ્યુલર હપ્તા ન પડતા હોવા બાબતેની રજૂઆત તા.પં.સભ્ય સંજયભાઈ દેસાઈએ કરી હતી. તાલુકા પંચાયત ઉપપ્રમુખ રાયસિંગભાઈ ભીલે સામાન્ય સભામાં બચત ગ્રાન્ટ કેટલી છે ? એવું પણ ગઈ સભામાં પૂછ્યું હતું.બચત ગ્રાન્ટનો હિસાબ નથી આપતા એમ કહેતા ટી.ડી.ઓ.જીગર પ્રજાપતિએ કોઈ વાંધો નહિ આપી દઈએ એમ જણાવ્યું હતું.તા.પં.સભ્ય રાજેન્દ્રભાઈ તરબદાએ ૧૫ ટકાનાં આયોજન બાબતે પૂછ્યું હતું કે, ૧૦માં મહિનામાં વાત થઈ હતી.બે ત્રણ મહિના થયા.ઉપપ્રમુખ રાયસિંગભાઈ ભીલે કામો ક્યા થયા બતાડો? ચાલો ટી.ડી.ઓ. ગાડીમાં બેસો બતાડો. કહેતા તાલુકા વિકાસ અધિકારીએ,એ સામાન્ય સભાનો મુદ્દો નથી.લેખિતમાં આપી દો.ચેક કરાવી લઈશું.

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં૧૦૧૭/૨૦૨૫ તા. ૦૬/૦૧/૨૦૨૬
અરજદારઃ ભાભોર સુમનબેન અજયભાઈ રહે.દેલસર, તા. જિ.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, દેલસર, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર સુમનબેન અજયભાઈ ના પુત્ર નામે ભાભોર સંદિપભાઈ અજયભાઈ નો જન્મ તા.૨૦/૧૦/૨૦૧૨ના રોજ દેલસર, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, દેલસર તા.જિદાહોદ ના જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર જન્મના દાખલાની જરૂરિયાન હોઈ અંરજદાર જન્મ/મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોટમા ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અંત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મત્રીશ્રી, દેલસર, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિદ્ધ કરવી આજ તારીખઃ૦૬ માહેઃ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમને શુભ પરિણામો અને પિતા તરફથી આશીર્વાદ આપશે. અધિકારીઓના આશીર્વાદથી, આજે તમારી કોઈપણ કિંમતી વસ્તુ અથવા મિલકત મેળવવાની ઈચ્છા પૂર્ણ થશે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે સારો છે અને તમને બીજાઓને મદદ કરવામાં વધુ આનંદ મળે. છે. તમારો દિવસ દાન-પુણ્યમાં વિતાવો. કાર્યસ્થળમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફારો થઈ શકે છે

મિથુનઃ આજે ગ્રહોની શુભ સ્થિતિને કારણે તમને મોટી રકમ મળશે અને બાકી રહેલા કાર્ય પૂર્ણ થશે. પૂર્ણ થયા પછી મનમાં સંતોષ રહેશે. વ્યવસાયિક યોજનાઓ વેગ પકડશે. રાજ્યનું માન અને પ્રતિષ્ઠા વધશે.

કર્કઃ આજનો દિવસ ખુશીનો છે. તમે તમારા પરિવાર સાથે સારો સમય વિતાવશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં સારા સમાચાર પણ મળશે.

સિંહઃ આજે તમારી રાશિમાં ગ્રહોની યુતિને કારણે શુભ સંયોગો બની રહ્યા છે. પરિણામે, વૃદ્ધોની સેવા કરીને અને સારા કાર્યોમાં પૈસા ખર્ચ કરીને મનમાં આનંદ થશે. તમે તમારા સ્પર્ધકો માટે માથાનો દુખાવો બનશો.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામો આપવાનો છે. નાણાકીય બાજુ મજબૂત રહેશે. અટકેલા કામ પૂર્ણ થશે અને ખ્યાતિમાં વધારો થશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન ખુશ રહેશે.

તુલાઃ આજનો દિવસ શુભ છે અને શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો તમને ખાસ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત બનશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ સન્માન આપશે. તમને તમારા જીવનસાથી તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામો આપવાનો છે. તમને રાજકીય ક્ષેત્રમાં તાત્કાલિક સફળતા મળશે અને બાળકો પ્રત્યેની તમારી જવાબદારીઓ પણ પૂર્ણ થશે.

ધનઃ આજનો દિવસ ખાસ રહેશે અને તમારા લગ્ન જીવનમાં ખુશીઓ વધશે. તમે આજે મુસાફરી કરી શકો છો, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. વ્યવસાયમાં વધતી પ્રગતિથી તમે ખૂબ ખુશ રહેશો.

મકરઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરગથ્થુ વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક સુખો માણવાના સાધનો વધશે. ઓફિસમાં સાથીદારો સાથે થોડો વિવાદ થઈ શકે છે.

કુંભઃ આજે શરીરમાં અચાનક દુખાવો થવાને કારણે વધુ ખર્ચ કરવાની સ્થિતિ બની શકે છે. કોઈપણ મિલકત ખરીદતી વખતે કે વેચતી વખતે, તેના તમામ કાનૂની પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરો. પાછળથી દગો થઈ શકે છે.

મીનઃ આજે તમે તમારા દ્વારા આયોજન કરાયેલા કાર્યો પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતાં વધુ સારી રહેશે. વ્યવસાય બદલવાની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળશે અને તમારા બાળકો તમારાથી ખુશ રહેશે.

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.
અરજદારઃ- પટેલ ભુપતભાઈ નાગરભાઈ,રહે.સુરેલી, તા.શહેરા,સુરેલી, જી.પંચમહાલ.
વિરૂદ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી, તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભત્રીજી નામે પટેલ લીલાબહેન રતનસિંહનું તા.૦૫/૧૨/૧૯૬૪ ના રોજ મોજે.સુરેલી, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભત્રીજીના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૧૩/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૭, માહેઃ- જાન્યુઆરી સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.
અરજદારઃ- પટેલ સ્વરૂપભાઈ અભેસિંહ, રહે.દલવાડા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરૂદ્ધ
સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,દલવાડા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના દાદા નામે પટેલવાઘાભાઈ ભુરાભાઈનું તા.૨૧/૦૭/૧૯૮૧ ના રોજ મોજે.દલવાડા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે દાદાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૧૬/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૭, માહેઃ- જાન્યુઆરી સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.
અરજદારઃ- પઠાણ મહેમુદખાં ઈનાયતખાં,રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરૂદ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ સબ રજીસ્ટારશ્રી,નગરપાલીકા શહેરા તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના ભાઇ નામે પઠાણ સમંદરખાં ઈનાયતખાંનું તા.૨૪/૦૨/૧૯૫૬ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે ભાઈના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૪૯/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો. આજ તા. ૦૭, માહેઃ-જાન્યુઆરી, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં પાણીપુરી-નાસ્તાની લારીઓ પર પાલિકાનું સરપ્રાઇઝ ચેકિંગ, ૧૧ નમૂનાઓ લેબમાં મોકલાયા



દાહોદ,

દાહોદ શહેરમાં દાહોદ નગરપાલિકા દ્વારા પાણીપુરી તેમજ નાસ્તાની લારીઓ તેમજ દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પાણીપુરીની લારીઓના વેપારીઓ પાસેથી પાણીપુરીના પાણીના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવ્યાં છે. તેની સાથે સાથે દાહોદ શહેરમાં કાર્યરત આર.ઓ. વોટરનો વેપાર કરતાં વેપારીઓના ત્યાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં થોડા દિવસો પહેલા પાલિકા તંત્ર દ્વારા દાહોદ શહેરમાં ગંદકી ફેલાવનાર હોટલો ને સીલ કરવામાં આવી હતી, તે હોટલોના માલિકો પાસેથી એફીડેવીટ મારફતે બાંહેધરી લઈ તેઓની હોટલો પુનઃ શરૂ કરવાની મંજુરી પણ આપવામાં આવી છે.

દાહોદ નગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજરોજ દાહોદ શહેરમાં પાણીપુરી તેમજ નાસ્તાની લારીઓ પર ચેકીંગ હાથ થયું હતું. જેમાં પાણીપુરીની લારીઓના પાણીની તપાસ કરવામાં આવી હતી. દાહોદ શહેરના અલગ અલગ વિસ્તારમાં પાણીપુરીની દુકાન ચલાવનાર ૧૧ જેટલા વેપારીઓના પાણીપુરીના પાણીના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત દાહોદ શહેરમાં આર.ઓ. વોટરનો ધંધો કરતાં વેપારીઓના ત્યાં પણ પાલિકા તંત્રની આરોગ્ય ટીમ દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં પણ તપાસ કરી પાણીના નમુનાઓ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી લોકોની ફરિયાદો ઉઠવા પામી હતી જેમાં મુખ્યત્વે દાહોદ શહેરમાં હોટલોના માલિકો દ્વારા અને લારી ગલ્લાવાળાઓ દ્વારા પોત પોતાની હોટલોનો એઢવાડ અને ગંદકી રસ્તા પર તેમજ ભુગર્ભ ગટરમાં નાંખવામાં આવતી હતી. આ ઉપરાંત ઘણા એવા હોટલના માલિકો દ્વારા જાહેરમાં વ્યંજનોનો વધાર કરી અને તેમાંય ખાસ કરીને નોનવેજની હોટલો અને દુકાનદારો દ્વારા જાહેરમાં વ્યંજનનો વધાર કરતાં જાહેર રસ્તા પરથી પસાર થતાં લોકોને આંખોમાં બળતરા સહિતની ફરિયાદો દાહોદવાસીઓ છેલ્લા ઘણા સમયથી કરી રહ્યાં હતાં. જાહેર જનતાની ફરિયાદોને ધ્યાનમાં રાખી ૨૨ ડિસેમ્બરના રોજ દાહોદ નગરપાલિકા દ્વારા દાહોદ શહેરમાં આવેલ હોટલો તેમજ નોનવેજની દુકાનોમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ થયું હતું. જેમાં ૭ હોટલો તેમજ દુકાનદારો દ્વારા જાહેરમાં ગંદકી ફેલાવતા અને તેઓના હોટલનો એઢવાડ ભુગર્ભ ગટરમાં ઢાલવતા હોવાથી જાહેર રસ્તા પર ગંદકી ફેલાતી હતી તેની સાથે સાથે ભુગર્ભ ગટર ચોકઅપ થઈ જવાની પરિસ્થિતી સર્જાઈ હતી. જેને પગલે દાહોદ નગરપાલિકા દ્વારા દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે આવેલ ત્રણ હોટલો સહિત ઓવરબ્રીજની બાજુમાં આવેલ નોનવેજની દુકાનોને પણ સીલ કરવામાં આવી હતી. ત્યારે આજરોજ દાહોદ નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દાહોદ શહેરના ઓબરબ્રીજની બાજુમાં આવેલ નોનવેજની દુકાના જે સીલ કરવામાં આવી હતી તેના માલિકો દ્વારા પોતાના રોજગાર-ધંધા પર લાગેલ સીલ દુર કરી પુનઃ દુકાનો શરૂ કરવા માટે પાલિકાના આરોગ્ય વિભાગ પાસે પહોંચ્યાં હતા. જ્યાં પાલિકા તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા આ દુકાનદારો પાસે કાયદેસર એફીડેવીટ મારફતે બાંહેધરી લઈ હવેથી ગંદકી ન ફેલાવવા તેમજ જાહેરમાં વ્યંજનોનો વધાર ન કરવા માટે તથા ટ્રાફિક જામ ન થાય તે માટે લેખિત કાયદેસર બાહેધરી લઈ સીલ માર્યાના ૧૪ દિવસ બાદ તેઓના રોજગાર -ધંધાઓ પુનઃ શરૂ કરવા માટેની મંજુરી આપવામાં આવી હતી.

### જાહેરમાં ગંદકી અને લોકોના આરોગ્ય સાથે ચેંડા કરનારને સાંખી નહી લેવાય

દાહોદ નગરમાં છેલ્લા ઘણા સમયથી જે કંઈ ફરિયાદો આવી હતી જેના ઉપલક્ષ્યમાં શહેરના વિવિધ વિસ્તારોના રોજગાર-ધંધાને સીલ કરવામાં આવ્યાં હતાં, જેમાં વેપારીઓ પાસેથી સ્વચ્છતાની, લોકોના આરોગ્યની, આરોગ્ય સાથે ચેડા ન થાય તે વિષય પર વેપારીઓ સાથે પરામર્શ, ચર્ચા કરી તેઓની બાંહેધરી લઈ કાર્યવાહી કરેલ છે. તેની સાથે સાથે દાહોદ શહેરના તમામ વેપારીઓને સુચના અને વિનંતી પણ છે કે, દાહોદવાસીઓના આરોગ્ય સાથે કંઈપણ ચલાવી લેવામાં નહીં આવે માટે દાહોદ શહેરના વેપારીઓ સ્વચ્છતા અને લોકોના આરોગ્યનું ધ્યાન રાખી વેપાર-ધંધો કરે તે અતિઆવશ્યક છે.

:-પિંકલ નગરાળવાળા આરોગ્ય અધિકારી, દાહોદ નગરપાલિકા.

### સ્વચ્છતા અને લોકોને પડતી મુશ્કેલી અંગે પાલિકા ગંભીર, બેદરકારી દાખવનાર સામે લોકહિતમાં કાર્યવાહી થશે.

દાહોદ નગરપાલિકા દ્વારા જે હોટલ માલિક અને લારીઓવાળા જે રોડ પર ગંદકી કરતાં હતાં. પ્રજાને નુકસાન કરતાં હતાં તે બાબતે દુકાનોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી. તે દુકાનદારોના આજે એફીડેવીટ લઈ અને આ સીલ ખોલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. સાથે સાથે હોટલનો ધંધો કરતા કે સ્માર્ટ સીટી હારા બનેલ ફુટપાઠ પર જે બ્લોક લગાવવામાં આવ્યાં છે તેની ઉપર જે કોઈ પંપો કરે છે. તેઓને અપીલ કરવામાં આવે છે કે, ફુટપાઠના બ્લોક ગંદા થશે અથવા નગરમાં આવતા જતા લોકોને નુકસાન થશે તે બાબતે લોકો દ્વારા જે કંઈ ફરિયાદો આપવામાં આવશે તો સાથે સાથે હોટલો તેમજ ખાણીપીણીના દુકાનદારો દ્વારા તેઓના વધાર તેમજ વરાળથી નીકળતા ધુમાડાથી કોઈપણ જાતનું નુકસાન થશે તેની કરિયાદ આવશે, તો તેની લારી હટાવી લેવામાં આવશે અથવા હોટલ કે દુકાન હશે તો તેને સીલ કરવામાં આવશે. સાથે સાથે નગરપાલિકાની ભુગામ ગટરમાં જે હોટલો દ્વારા હોટલોનો એઢવાડ નાંખવામાં આવે છે. જેના કારણે ભુગર્ભ ગટરો જામ થાય છે, એ પણ કોઈ કાળે દાહોદ નગરપાલિકા દ્વારા સાંખી લેવામાં નહીં આવે. એવુ કરતાં જે કોઈપણ હોટલ, લારી અથવા તો દુકાનદારો અંગેની જાણકારી થશે તો અને કરિયાદો આવશે તો લારી ઉઠાવી લેવામાં આવશે અને દુકાનોને સીલ મારી દેવામાં આવશે. માટે નગરજનોને અપીલ છે કે વેપારીઓ ધ્યાન રાખી જાહેરજનતાને કોઈ અગવડતા ન પડે તેનું ધ્યાન રાખી વેપાર-ધંધો કરે તેવી અપીલ છે.

:-લખનભાઈ રાજગોર, કાઉન્સીલર.

## દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વ ગામે રખડતા ઢોરનો આતંક, બે આખલાઓના યુદ્ધમાં વાહનોને ભારે નુકશાન



દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વ ગામે રખડતા ઢોરના ત્રાસથી સ્થાનિકોમાં ભય અને રોષની લાગણી જોવા મળી રહી છે. ગામના ઉખરેલી રોડ પર સાહેલી હાર્ડવેર પાસે બે રખડતા આખલાઓ વચ્ચે અચાનક યુદ્ધ શરૂ થતાં મુખ્ય માર્ગ પરથી પસાર થતા અનેક વાહનોને અડફેટે લીધા હતા.આ ઘટનામાં એક રીક્ષા આખલાઓના યુદ્ધમાં ફસાઈ જતા પલટી મારી હતી, જેમાં રીક્ષા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં રીક્ષા સહિત અન્ય વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આખલાઓ વચ્ચેના યુદ્ધના જીવંત દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે, જે હાલ સામે આવ્યા છે. આ દ્રશ્યોમાં સ્પષ્ટ જોવા મળે છે કે, કેવી રીતે જાહેર માર્ગ પર રખડતા પશુઓ વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે.મુખ્ય માર્ગો ઉપરાંત રહેણાંક વિસ્તારોમાં પણ રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની રહી છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, વારંવાર રજૂઆતો છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી. પરિણામે નાગરિકોને રોજિંદા જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.લોકોએ માંગ ઉઠાવી છે કે, પ્રશાસન તાત્કાલિક કડક કાર્યવાહી કરી રખડતા પશુઓને પકડવાની કામગીરી શરૂ કરે, જેથી આવી ગંભીર ઘટનાઓ ફરી ન બને અને જનજીવન સુરક્ષિત બની રહે.

## દાહોદમાં બુટલેગરના ઘરે રેડ પાડવા ગયેલા પોલીસ કર્મી ઉપર બુટલેગરનો કુહાડીથી હુમલો



દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી હોળી આંબા ફળિયામાં પ્રોહિબિશન ની રેડમાં ગયેલા પોલીસ જમાદાર ઉપર ઉસકેરાયેલા બુટલેગરે ઓચિંતો કુહાડી વડે હુમલો કરતા પોલીસ જમાદારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટના બાદ બુટલેગર ફરાર થઈ જતા પોલીસે તેને ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરજ બજાવતા સંતોષભાઈ રમેશભાઈ નામક પોલીસ જમાદાર આજરોજ સાંજના ૬:૦૦ વાગ્યા ના સુમારે બાતમીના આધારે રળીયાતીના હોળી આંબા ફળિયામાં રહેતા એક બુટલેગરના ઘરે રેડ કરી ચેકિંગ હાથ ધરી હતી. આ સમયે રેડમાં હાજર બુટલેગર પોલીસને જોઈ ઉશ્કેરાઈ ગયો હતો અને વારંવાર મારા ઘરે રેડ કરો છો તેમ કહી તેના ઘરમાં મૂકેલી કુહાડી વડે પોલીસ જમાદાર સંતોષભાઈ રમેશભાઈના માથાના ભાગે હુમલો કરતા સંતોષભાઈ જમીન ઉપર ઢળી પડ્યા હતા. આ સમયે રેડમાં આવેલી તરત જ દાહોદ ગ્રામ્ય પોલીસ મથકે તેમજ ૧૦૮ ઈમરજન્સીને ફોન કરતા ૧૦૮ ઈમરજન્સી તરત આવી પહોંચી હતી અને લોહી લુહાણા અવસ્થામાં ઈજાગ્રસ્ત સંતોષભાઈ રમેશભાઈને દાહોદના ઝાયડસ હોસ્પિટલ લઈ ગયા હતા. આ દરમિયાન પોલીસ ઉપર હુમલો કરનાર બુટલેગર ભાગી ગયો હતો. બુટલેગરના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા પોલીસ જમાદાર સંતોષભાઈ હાલ સારવાર હેઠળ છે. ગુનાની ગંભીરતા જોતા દાહોદના ડીવાયએસપી જગદીશ ભંડારી દવાખાને પહોંચ્યા હતા.સાથે જ પોલીસ ઉપર હુમલો કરનાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મકરસક્રાંતિ એટલે ઉત્તરાયણના પર્વની મોજ-મસ્તીનો ફેસ્ટીવલની તડામાર તૈયારીઓ શરૂ



દે.બારીયા,

દે.બારીયાશહેરમાં મકરસક્રાંતિના મહોત્સવનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. જાત જાતની પતંગો અને દોરી વેચાણ માટેના સ્ટોલ લાગી ચુક્યા છે. ચાઈનઝ દોરી પ્રતિબંધ પર પ્રતિબંધ હોવા છતાં અંદરખાને વેચાણ થાય છે અને પોલીસ આ ચાઈનીઝ દોરી પકડવામાં તોડ પાડે છે ? તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.ખરેખર ચાઈનીઝ દોરી તો પશુ-પક્ષીઓ માટે જીવલેણ અને ઘાતક છે.આવા તોડ કરનારાને સાંખીનાલેવા જોઈએ.પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના બસ સ્ટેન્ડ રોડ તથા મેન બજાર એક બત્તી પાસે પતંગ બજાર ભરાય છે. સ્ટોલ પર એ.કે.૫૬ તથા સાંકળ આઠ દોરીના ભાવ આગલા એક વર્ષ કરતા એક રીલના૧૫૦રૂપીયાનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે. ધીરે ધીરે થોકબંધ ધરખમ વધારો જવા મળી રહ્યો છે. ધીર ધીરે થોક બંધ પતંગોનું વેચાણ શરૂ થવાનું રહ્યૂં જ્યારે સ્થાનિક પતંગો જેમાં હારૂન પતંગ તેમજ કાલીયા હુસૈન પતંગ વર્ષોથી શહેરમાં ધૂમ મચાવે છે. આ પતંગોને કારીગરો આખૂં વર્ષ પતંગો બનાવવાનું કામ કરતા હોય છે. માત્ર પંદર દિવસના તમામ પતંગો વેચાઈ જાય છે. સાત દિવસ ઉત્તરાયણ પર્વના ગણતરીના બાકી છે. એક વર્ષના બાદ ફેસ્ટીવલના રૂપે મોજ-મસ્તી સાથે મનાવતા હોય છે. મકર સક્રાંતિ એટલે સૂર્ય નારાયણ દક્ષિણ દીશા તરફથી ઉત્તર દીશા તરફ સંક્રાત કરે તેને મકરસક્રાંતિ આપણા ગરવી ગુજરાતમાં પ્રખ્યાત છે. દક્ષિણના રાજ્યોમાં પોંગલના નામે મનાવવામાં આવે છે.

## ધાનપુર તાલુકાના વાખસીયા ખાતે આરોગ્ય કેમ્પનું કરાયુ આયોજન



દાહોદ,

ધાનપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કંજેટા હેઠળના વાખસીયા ગામ ખાતે તમારા ગામમાં તમારા દ્વાર સુધી ૧૦૦ દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા ૧૪૨ વનરેબલ (જોખમી) લાભાર્થીઓનું ટીબી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે દર્દીઓનું વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તથા ડાયાબિટીસ જેવી અન્ય આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી. કેમ્પમાં કુલ ૧૩૨ લાભાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી, જેમાંથી ૨૫ દર્દીઓને આંખના ઓપરેશન માટે જીલ્લા સ્તરે રેફર કરવામાં આવ્યા હતા. આ પ્રકારના આયોજનથી ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીની સમયસર ઓળખ અને નાબૂદી માટે સકારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ આવા આરોગ્ય કેમ્પો વધુ વ્યાપક સ્તરે આયોજીત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કાર્યક્રમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવત, જીલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી. પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો. બી.પી. રમનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં આરોગ્ય વિભાગની વિવિધ ટીમો જેમ કે મેડિકલ ઓફિસર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો, ફીમેલ હેલ્થ વર્કરો, આશા ફેસિલિટેટરો તથા આશા બહેનોનો સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ઝાલોદસુખસર માર્ગે રાજપુર વળાંક પર ભયાનક અકસ્માત, બાઈક સવારનું કરૂણ મોત

ઝાલોદ,

ઝાલોદથી સુખસર જતા માર્ગ પર રાજપુર વળાંક નજીક ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવારનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માતના કારણે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, અકસ્માતમાં મોતને ભેટેલા બાઈક સવાર મછાર જતીનભાઈ વેચાતભાઈ (ઉંમર ૩૯) હતા, જે નરેગા શાખામાં ઝાલોદ તાલુકા પંચાયત ખાતે ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. જતીનભાઈ પોતાની બાઈક નં. GJ-06-FH-5863 લઈને પાડલિયા (તા.સુખસર) તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન રાજપુર વળાંક પાસે અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતની જાણ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને ઝાલોદ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ સામસામે બે વાહનો અથડાયા હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, અકસ્માતની સાચી કારણસર હાલ પોલીસ તપાસનો વિષય છે.

અકસ્માતની ગંભીરતા ધ્યાનમાં લઈ ઝાલોદ ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ તેમજ પી.આઈ. રવિ ગામીત સહિત પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે સ્થળ નિરીક્ષણ કરી આસપાસના વિસ્તારોમાં પૂછપરછ હાથ ધરી છે અને વધુ તપાસ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે, નરેગા વિભાગના કર્મચારીના અચાનક નિધનથી પરિવારજનો, સહકર્મીઓ તેમજ ઓળખીતાઓમાં ભારે શોક છવાયો છે.

## લીમખેડામાં ચાઈનીઝ દોરીથી બાઈક ચાલક યુવકનો હોઠ કપાયો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા ખાતે ચાઈનીઝ દોરીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. કાકરી ડુગરી ગામના બે યુવકો મોટરસાયકલ લઈને લીમખેડા તરફ આવી રહ્યા હતા, તે દરમિયાન અચાનક માર્ગ પર લટકતી ચાઈનીઝ દોરી વાગતા એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ બનાવે વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને ચાઈનીઝ દોરીના ગેરકાયદેસર વેચાણ સામે ફરી એકવાર કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાકરી ડુગરી ગામના રાજેશ ડાંગી નામનો યુવક લીમખેડા આવી રહ્યો હતો. ત્યારે અચાનક ચાઈનીઝ દોરી તેની સામે આવી ગઈ હતી. ઝડપમાં રહેલી મોટરસાયકલ પર દોરી સીધી યુવકના ચહેરા તરફ વાગી હતી. ખાસ કરીને હોઠના અંદરના અને બહારના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. દોરી એટલી તીખી હતી કે થોડા સેકન્ડોમાં જ લોહીલુહાણ સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

ઘટનાની ગંભીરતા સમજી સાથી યુવકે તાત્કાલિક સમયસૂચકતા દાખવી મોટરસાયકલ અટકાવી અને આસપાસના લોકોની મદદથી ઈજાગ્રસ્ત યુવકને યુનિટી ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ડોકટરોના જણાવ્યા મુજબ યુવકના હોઠના ભાગે અંદર અને બહાર મળી કુલ ૧૫ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. સમયસર સારવાર મળી જતાં અને દોરી વાગતા સાથે જ વાહન રોકી દેવામાં આવતા યુવકનો જીવ માંડ માંડ બચી ગયો છે.

ઈજાગ્રસ્તનો ભાઈ વિજય ડાંગીએ જણાવ્યું કે, અમે લીમખેડા આવતા હતા ત્યારે જ્યોઈ બેંકની પાસે ચાઈનીઝ દોરીથી મારા ભાઈનો હોઠ કપાઈ ગયો છે. જેથી અમે તાત્કાલિક યુનિટી હોસ્પિટલમાં સારવાર માટે આવી પહોંચ્યા હતા.

આ ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચર્ચાઓ ચાલી રહી છે કે, પોલીસ તંત્ર અને વહીવટી તંત્રની ગંભીર બેદરકારીના કારણે લીમખેડા પંથકમાં વેપારીઓ બેફામ રીતે ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યા છે. પ્રતિબંધ હોવા છતાં ખુલ્લેઆમ વેચાતી આ ઘાતક દોરી અનેક નિર્દોષ લોકો માટે જીવલેણ સાબિત થઈ રહી છે. સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક ચાઈનીઝ દોરી પર સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં મૂકીને આવા વેપારીઓને શોધી તેમની સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠાવી છે.

## પૂર્વ સૈનિકો તેમજ વીર નારીઓ માટે ગાંધીનગરમાં વિશેષ સંમેલન યોજાશે

દાહોદ,

ગાંધીનગર મિલીટરી સ્ટેશન ખાતે તારીખ ૧૮ જાન્યુઆરી ના રોજ સવારે ૯ કલાકે પૂર્વ સૈનિકોના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન ખાસ ગાંધીનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જીલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો તેમજ વીર નારીઓ માટે કરવામાં આવ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ પૂર્વ સૈનિકો, વીર નારીઓ તથા તેમના આશ્રિતોના પેન્શન સંબંધિત, જડઅછજંઈ માઈગ્રેશન, દસ્તાવેજીકરણ, તબીબી તથા વ્યકિતગત મુદ્દાઓ/પ્રશ્નોના નિવારણ કરવાનો છે. દાહોદ જીલ્લાના સૈનિક પરિવારોએ પોતાના પ્રશ્નો અથવા પેન્શન સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે આ સંમેલનમાં હાજર રહીને પોતાની સમસ્યાઓનું નિરાકરણ મેળવી શકાશે એમ મદદનીશ જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી સુરજીતસિંઘ રાઘવ દ્વારા જણાવાયુ છે.

---

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ- પઠાણ નાસીરખાં હમીદખાં, રહે.શહેરા, તા.શહેરા,જી.પંચમહાલ.

વિરૂદ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ સબરજીસ્ટારશ્રી, નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના બહેન નામે પઠાણ મુમતાઝબીબી અબ્દુલહમીદખાંનું તા.૧૦/૦૯/૧૯૫૭ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે બહેનના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૪૮/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૭, માહેઃ-જાન્યુઆરી સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

---

જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

અરજદારઃ- રાઠોડ તખતસિંહ સામતસિંહ,રહે.શેખપુર, તા. શહેરા,જી.પંચમહાલ.

વિરૂદ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,શેખપુર, તા. શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના માતા નામે રાઠોડ સમજુબેન સામતસિંહનું તા.૧૧/૦૩/૨૦૨૩ ના રોજ મોજે.શેખપુર, તા શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે માતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૮૨૪/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૭, માહેઃ- જાન્યુઆરી સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.119

# ગોધરા શહેરમાં મીઠાઈ-ફરસાણના ભાવો ઉપર નિયંત્રણ તેમજ લારીઓ ઉપર વેચાતા ખાદ્ય પદાર્થની ગુણવત્તાની તપાસ માટે શહેરના સીનીયર સીટીઝન દ્વારા ફુડ એન્ડ ડ્રગ્સ અને જીલ્લા પુરવઠાને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા શહેરમાં ચાલતી ફરસાણ–મીઠાઈની દુકાનોમાં ચાલતી ઉઘાડી લુંટ તેમજ લારીઓ ઉપર વેચાતી ખાદ્ય ચીજ વસ્તુઓમાં ખાદ્ય તેલની ગુણવત્તા જળવાતી નથી. જે જાહેર નાગરિકોના આરોગ્ય માટે જોખમી છે. ત્યારે જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, પાલિકા ફુડ વિભાગ તેમજ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ખાદ્ય પદાર્થની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે તેમજ મીફાઈ અને ફરસાણના ભાવો નિયંત્રણમાં લેવામાં આવે તેવી શહેરના જાગૃત સીનીર સીટીઝન દ્વારા જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા શહેરમાં આવેલી મીઠાઈ–ફરસાણની દુકાનોમાં ઊંચા ભાવ લઈને ઉઘાડી લુંટ ચલાવવામાં આવે છે. કાચા માલનો ભાવનો ઘટાડો થયા બાદ પણ ગ્રાહકને તેનો લાભ મળતો નથી. ગોધરા શહેરમાં ચાલતી નાસ્તાની લારીઓ ઉપર વેચાતા ખાદ્ય પદાર્થોને તળવા માટે ઉપયોગમાં લેવાતા તેલને અવારનવાર ઉપયોગમાં લેવાતા ખાદ્ય પદાર્થની ગુણવત્તા જળવાતી નથી. જે જાહેર નાગરિકોને સ્વાદના રસીયા હોય તેમના આરોગ્ય માટે જોખમી છે. ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં મીઠાઈ માટે વપરાતા માવા તેમજ ઘી શુધ્ધતા હોય છે કે તેની ચકાસણી જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ કે પાલિકા ફુડ વિભાગ સેમ્પલ લઈને તપાસ કરતી ન હોવાથી ફરસાણ–મીઠાઈનો ઘંધો કરતા વેપારીઓ નફાની લ્હાયમાં જાહેર નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોય છે. ત્યારે ગોધરા શહેરના સીનીયર સીટીઝન એન.ડી. ઉપાધ્યાય દ્વારા મીઠાઈ – ફરસાણના ભાવોને નિયંત્રણ માટે જીલ્લા પુરવઠા અધિકારીને તેમજ ખાદ્ય પદાર્થની ગુણવતા અને ઉપયોગમાં લેવાતા તેલની ચકાસણી થાય તે માટે જીલ્લા ખાદ્ય અને ઔષધ વિભાગને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.

# ગોધરામાં રાજપૂત સમાજની શતાબ્દી ઉજવણીમાં કીર્તિદાન ગઢવી અને માયાભાઈ આહિરના લોકડાયરાનું આયોજન

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં રાજપૂત સમાજ દ્વારા શતાબ્દી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે ગોધરા શહેરના ન્યુ હીરા હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું છે. જેમાં ગુજરાતના જાણીતા કલાકારો કીર્તિદાન ગઢવી અને માયાભાઈ આહીર લોકડાયરામાં જમાવટ કરશે.

પંચમહાલ જીલ્લા રાજપૂત સમાજની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે, જેને પગલે સમગ્ર જીલ્લામાં ઉત્સાહનો માહોલ છે. શતાબ્દી મહોત્સવના ભાગરૂપે, આવતીકાલે રાત્રે ૯ કલાકે ગોધરાના ન્યુ હીરા હાઈસ્કૂલના મેદાનમાં આ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં લોકગાયક કીર્તિદાન ગઢવી ભજન અને લોકગીતો રજૂ કરશે, જયારે હાસ્ય કલાકાર માયાભાઈ આહીર પોતાની આગવી શૈલીમાં લોકસાહિત્ય અને હાસ્ય પીરસી શ્રોતાઓને મનોરંજન પૂરું પાડશે.

રાજપૂત સમાજના ૧૦૦ વર્ષના ઈતિહાસને ઉજાગર કરતા આ કાર્યક્રમ માટે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગ્રાઉન્ડમાં વિશાળ સ્ટેજ, બેઠક વ્યવસ્થા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમામ આયોજનને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

# ઘોઘંબાના વૈધનાથ મહાવેદ મંદિરમાં સોમનાથ સ્વાભિમાન પર્વ એ વિશેષ આયોજન

પંચમહાલ,

ઘોઘંબા ખાતે આવેલા વૈધનાથ મહાદેવ મંદિરમાં આજે ''સોમનાથ સ્વાભિમાન પર્વ'' અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઓમકાર મંત્રોનો જાપ કરી આરતી ઉતારવામાં આવી હતી.

આ કાર્યક્રમ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ઉજવાઈ રહેલા ''સોમનાથ સ્વાભિમાન પર્વ''નો એક ભાગ હતો. આ પર્વ ''અખંડ સોમનાથ, અખંડ ગુજરાત, અખંડ ભારત''ના સૂત્ર સાથે ઉજવવામાં આવી રહ્યું છે.

વૈધનાથ મહાદેવ મંદિરમાં દેવાધિદેવ મહાદેવજીની આરાધના કરવામાં આવી હતી. ઉપસ્થિત કાર્યકર્તાઓએ ભક્તિભાવપૂર્વક આરતીમાં ભાગ લઈ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ઘોઘંબા તાલુકાના પ્રમુખ,




મહામંત્રીઓ, તાલુકા પંચાયત સદસ્યો, જીલ્લા પંચાયત સદસ્યો, સરપંચો, તેમજ સંગઠન અને મોરચાના પદાધિકારીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેદીઓ માટે ગુજરાતી હિટ ફિલ્મ ફિલ્મ લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતે નું ખાસ સ્ક્રીનિંગ



ગોધરા,

ગોધરા સબ જેલના આશરે ૨૦૦ થી કેદીઓ માટે ગુરૂવારે સવારે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેદીઓમાં હકારાત્મક જોડાણ અને માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી, જેલ માં ગુજરાતી હિટ ફિલ્મ લાલો કૃષ્ણ સદા સહાયતેનું વિશેષ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. આ પહેલ જીલ્લા પોલીસ અધિક્ષક ડો. હરેશ દુધાત તેમજ ડીવાયએસપી બ્રિન્દા જાડેજાના પ્રયાસોનો એક ભાગ છે, જે અંતર્ગત કેદીઓને સર્જનાત્મક, પ્રેરણાદાયી અને તણાવમુક્ત પ્રવૃત્તિઓ પૂરી પાડવામાં આવે છે. કેદીઓએ ખુલ્લા વાતાવરણમાં આ ફિલ્મનો આનંદ માણ્યો, જે તેમના માટે એક દુર્લભ અને આવકારદાયક તક હતી.

આ વિશેષ સ્ક્રીનિંગ દરમિયાન ફિલ્મ લાલોના ટીમ ના નિરવ ભાઈ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. અને લાલોના મુખ્ય કલાકાર શ્રી શ્રુહદ ગોસ્વામી એ વીડિઓ મારફતે કેદીઓ ને સંબોધ્યા તેમજ આયોજન માટે આભાર વ્યક્ત કર્યો,કેદીઓ સાથે વાતચીત કરી હતી અને તેમના મનોબળને વધાર્યું હતું.

આ કાર્યક્રમની કેદીઓએ ખૂબ પ્રશંસા કરી હતી, કારણ કે તેમને ફિલ્મના કલાકારોની હાજરીમાં મૂવી જોવાનો એક અસામાન્ય મોકો મળ્યો હતો.

જેલ વહીવટીતંત્રનું કહેવું છે કે, આ પ્રકારની પ્રેરક પહેલ કેદીઓમાં માનસિક તણાવ ઘટાડવામાં અને સકારાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરવામાં મદદરૂપ થાય છે. ખાસ કરીને લાલો ફિલ્મ, જે કર્મના સિદ્ધાંત પર આધારિત છે, તે કેદીઓને તેમના ભૂતકાળ પર વિચાર કરવા અને ભવિષ્યમાં સારો માર્ગ અપનાવવા માટે પ્રેરણા આપી શકે છે.

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ, જેને ઢોલીવુડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે લાંબા સમય બાદ લાલો ફિલ્મથી મોટી સફળતા મેળવી છે. આ હિટ ફિલ્મને જેલમાં લાવવાનો નિર્ણય એ દર્શાવે છે કે જેલ પ્રશાસન કેદીઓના સુધારણા અને પુનર્વસન માટે માત્ર કડક નિયમો જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને મનોરંજનના માધ્યમોનો પણ ઉપયોગ કરી રહ્યું છે. આ અનોખો અભિગમ કેદીઓના જીવનમાં એક સકારાત્મક પરિવર્તન લાવવાની આશા જન્માવે છે.

# શહેરાના આંબાજેટી ગામે ગૌચર જમીનમાં થતાં ગેરકાયદેસર ખનન સ્થળે પ્રાંત અધિકારી અને ટીમે પહોંચી બે ટ્રેકટર ઝડપ્યા



શહેરા,

શહેરા તાલુકાના આંબાજેટી ગામ ખાતેથી પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ અને તેમની ટીમ એ ગૌચર જમીનમાં થઈ રહેલ ખનન પર પહોંચીને બે ટ્રેક્ટર ને સ્થળ પરથી પકડી પાડીને કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાંત અધિકારી ખાનગી વાહન લઈને ટીમ સાથે સ્થળ ઉપર પહોંચતા ગેરકાયદે ખનન કરી રહેલ લોકોમાં નાશભાગના દ્રશ્યો જોવા મળ્યા હતા.જોકે ગૌચર જમીનમાં કોના દ્વારા ગેરકાયદે ખનન કરવામાં આવી રહ્યું હતુ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

શહેરા તાલુકામાં થઈ રહેલ ખનીજ ચોરી અટકે તે માટે પ્રાંત અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલને ખાનગી રાહે માહિતી મળી હતી કે, તાલુકાના આંબાજેટી ગામમાં ગૌચર જમીનમાં ગેરકાયદે ખનન ચાલી રહ્યુ છે, પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ તેમની ટીમ સાથે ખાનગી વાહન લઈને સ્થળ ઉપર પહોંચ્યા હતા અને ગૌચર જમીનમાં ગેરકાયદે ખનન કરી રહેલ જોવા મળતા તેઓ પણ વિચારમાં પડી ગયા હતા. ટ્રેક્ટર સહિતના વાહનોના ચાલકો અધિકારી સહિતની ટીમને જોતા વાહનો લઈને ત્યાંથી ભાગતા નજરે પડી રહ્યા હતા. પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલને સ્થળ ઉપરથી બે ટ્રેક્ટર મળી આવતા ખાણ ખનીજ વિભાગને આ બાબતે જરૂરી કાર્યવાહી કરવાની સૂચના આપવા સાથે પકડી પાડેલ બંને ટેકટરોને ખનીજ વિભાગને સુપ્રત કરવામાં આવ્યા હતા. આ ગૌચર જમીનમાં ગેરકાયદે ખનન કોના દ્વારા કરવામાં આવી રહ્યું હતું, તે દિશામાં પ્રાંત અધિકારી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. મહત્વનું છે કે, આ ગામ સહિત આજુબાજુના ગામમાં નદી કોતર તેમજ નદીના નજીકમાં આવેલ જમીનમાંથી લીઝ નહી હોવા છતાં રેતી કાઢીને ખનીજ ચોરો મસમોટી રકમ કમાઈ રહ્યા હોય ત્યારે સ્થાનિક તંત્ર અને ખાણ ખનીજ વિભાગ આ સામે દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવી જોઈએ જેથી તાલુકામાં થતી ખનીજ ચોરી અટકી શકે તો નવાઈ નહીં, હાલ તો એમ કહી શકાય કે અધિકારીઓની રેકી કરવામાં આવતી હોય ત્યારે પ્રાંત અધિકારીએ પોતાની નૈતિક ફરજ સમજીને અને ખનીજ ચોરી અટકે તે માટે ખાનગી વાહન લઈને ગેરકાયદેખનન થઈ રહેલ સ્થળ ઉપર પહોંચતા પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ અને તેમની ટીમની સારી કામગીરીને જાગૃત નાગરિકોએ બિરદાવી હતી. જ્યારે તાલુકા પંથકમાં થતી ખનીજ ચોરી અટકે તે માટે જાગૃત ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારી ને આ બાબતની માહિતી આપવામાં આવશે, તો તેઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તો નવાઈ નહી.

# ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસે ઉત્તરાયણ પર્વમાં ચાઈનીઝ દોરી ટાળવા અને બાળકોની સુરક્ષા માટે અપીલ કરી



ગોધરા,

ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખીને કાંકણપુર પોલીસે જાહેર જનતા માટે એક માર્ગદર્શક સંદેશ જારી કર્યો છે. પોલીસે નાગરિકોને જીવલેણ ચાઈનીઝ દોરી અને પર્યાવરણને નુકસાન કરતા તુક્કલનો ઉપયોગ ટાળવા અપીલ કરી છે, જેથી પર્વ સલામત અને આનંદદાયક બની રહે.

પોલીસે જણાવ્યું છે કે, ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેચાણ કે ઉપયોગ કાયદાકીય રીતે પ્રતિબંધિત છે. પતંગોત્સવ કોઈના માટે દુઃખદાયક ન બને તે સુનિશ્ચિત કરવાની સહિયારી જવાબદારી છે. જો કોઈ વ્યક્તિ આ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કે ઉત્પાદન કરતું જણાય, તો જાગૃત નાગરિકોને કાંકણપુર પોલીસ સ્ટેશનને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

તહેવાર દરમિયાન અકસ્માતો ટાળવા માટે પોલીસે વાહનચાલકો અને વાલીઓને પણ સાવચેત રહેવા જણાવ્યું છે. બાઈક ચાલકોને ફરજીયાત હેલ્મેટ પહેરવા અને ગળામાં રૂમાલ બાંધવાની સલાહ આપવામાં આવી છે. વાલીઓને પતંગ ચગાવતી વખતે બાળકો ધાબા કે અગાશી પરથી પડી ન જાય તેની ખાસ કાળજી રાખવા અપીલ કરાઈ છે. નાગરિકો પ્રતિબંધિત દોરીના વેચાણ અંગેની માહિતી ૧૧૨ હેલ્પલાઈન નંબર પર આપી શકે છે.

# કાલોલના રામનાથ ગામે બેફામ રેતી ખનન : જાગૃત નાગરિક દ્વારા અધિકારીઓને જાણ કરાઈ છતા પણ કોઈ કાર્યવાહી નહી



કાલોલ,

કાલોલ પંથકમાં ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવામાં આવી રહ્યુ છે. કાલોલના રામનાથ ગામે આજ રોજ ગેરકાયદેસર રીતે રેતી ખનન કરતા માફીયાઓનો વિડિઓ બનાવી તંત્રને જાગૃત નાગરિકે જાણ કરી તેમ છતાં પણ કોઈ અધિકારી ફરકયા નથી અને કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જાગૃત નાગરિક દ્વારા વાયરલ કરેલ વિડિઓમાં પણ બે ટ્રેકટરમાં નદી મધ્યેથી રેતી ભરતા હોવાનો વીડિયો ઉતારી સોશીયલ મીડિયામાં વાયરલ કરેલ છે. તાજેતરમા ખનન માફીઆ દ્વારા પુષ્પા ફિલ્મનો ડાયલોગ લગાવી ખનનનો વિડિઓ બનાવી પોતાના સ્ટેટ્સ પર પોસ્ટ કર્યો હતો અને આ વીડિયો ખુબ વાયરલ થયો હતો, તેમ છતાં પણ આવા માફીયાઓ સામે કોઈ નક્કર કાર્યવાહી ન કરાતા ગેરકાયદેસર પ્રવૃતિઓ ફુલી ફાલી છે. ત્યારે રામનાથ ગામના જાગૃત નાગરિકની હાકલ સાંભળી કોઈ અધિકારીનો આત્મા જાગશે કે કેમ? કે પછી આવુ તો ચાલ્યા કરે..તેવો પ્રશ્ન પણ થાય છે.

# કાલોલ નગરમાં હઝરત સૈયદ મૌલા અલી મૂશ્કીલ કુશાના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય જૂલુસનું આયોજન કરાયું



કાલોલ,

કાલોલ શહેરમાં ગતરોજ મોડી રાત્રે નુરાની ચોક પ્રાંગણમાં ઈસ્લામ ધર્મના ચોથા ખલીફા હઝરત સૈયદ મૌલા અલી મૂશ્કીલ કુશા રદી અલ્લાહુ અનહુના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પયગંબરના દામાદે હઝરત સૈયદના મોલા અલીના જન્મોત્સવ નિમિત્તે પંઝેતની ફ્રેન્ડ સર્કલ (રોયલ ગ્રુપ) દ્વારા આયોજીત જુલુસ તેમજ વાયઝ શરીફના પ્રોગ્રામમાં રીફાઈ મોટી ગાદીના ધર્મગુરૂ હઝરત સૈયદ ગૌસુદ્દીન શાહ રીફાઈ અને હઝરત સૈયદ વઝીહુદ્દીન શાહ રીફાઈની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ પાસે આખલાઓ બાખડ્યાઃ અફરાતફરીનો માહોલ

ગોધરા,

ગોધરાના લાલબાગ બસ સ્ટેન્ડ નજીક જાહેર માર્ગ પર બે આખલાઓ અચાનક બાખડતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભય ફેલાઈ ગયો હતો. આ ઘટનાને કારણે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી.શહેરના લાલબાગ બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા અમૂલ પાર્લર પાસે આ બનાવ બન્યો હતો. વાહનોની સતત અવરજવર વચ્ચે આખલાઓ લડવા લાગ્યા હતા, જેના પગલે લોકોમાં દોડધામ મચી ગઈ હતી અને જીવ તાળવે ચોંટ્યા હતા.પ્રાથમિક માહિતી મુજબ, આખલાઓ લડી રહ્યા હતા ત્યારે અચાનક શ્વાનો તેમના પાછળ પડતા તેઓ વધુ ભડક્યા હતા. આખલાઓ જાહેર માર્ગ પર બેફામ દોડવા લાગ્યા હતા, જેના કારણે ચાલુ ટ્રાફિક વચ્ચે લોકોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. જોકે, આ પ્રકારે જાહેર માર્ગ પર આખલાઓ દ્વારા મચાવવામાં આવેલા તોફાને શહેરમાં રખડતા ઢોરની ગંભીર સમસ્યાને ફરી એકવાર પ્રકાશમાં લાવી છે.

# મોરવા(હ) તાલુકાના સગીરાનું અપહરણ અને દુષ્કૃત્યના ગુનામાં મુખ્ય આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતી સ્પે.કોર્ટ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના એક ગામની સગીરાને ભગાડી લઈ જઈ સગીરાની મરજી વિરૂદ્ધ દુષ્કૃત્ય આચરનાર આરોપી વિરૂદ્ધ મોરવા(હ) મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.આ ગુનામાં ત્રણ આરોપીની ધરપકડ કરી જયુ.કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ કેસ સ્પે.પોકસો અને ચોથા એડી.જજની કોર્ટમાં ચાલી જતાં મુખ્ય આરોપીને ૨૦ વર્ષની સજા અને સહઆરોપીઓને ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

મોરવા(હ) તાલુકાનાએક ગામની સગીરાને આરોપી વિજયભાઈ રયજીભાઈ બારીયા (રહે. બોડીદ્રા, તા.ગોધરા) પટાવી ફોસલાવી ભગાડી લઈ ગયો હતો. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે વિજયકુમાર ઉર્ફે ભલીયો રયજીભાઈ બારીયા, શૈલેષભાઈ રૂપસીંગભાઈ પટેલ, મનીષાબેન શૈલેષભાઈ પટેલ વિરૂદ્ધ પોકસો એકટ હેઠળ ગુનો નોંધાવા પામ્યો હતો. આ ગુનામાં આરોપીઓને ઝડપી પાડી જયુ.કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો અને આ ગુનામાં પોલીસ તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી. આ કેસ પંચમહાલ જીલ્લા સ્પે. જજ તથા ચોથા એડી.સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં ચાલી ગયો હતો. જેના રેકર્ડ પુરાવા તેમજ મદદનિશ સરકારી વકીલ એમ.કે.દેશમુખની વિગતવાર દલીલો કરી હતી. તે ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને આરોપી વિજયકુમાર ઉર્ફે ભલીયો રયજીભાઈ બારીયાને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૩૦ હજારના દંડની સજા ફટકારતી હતી. જયારે સહઆરોપીઓ શૈલેષભાઈ રૂપસીંગભાઈ પટેલ અને મનિષાબેન શૈલેષભાઈ પટેલને ૩ વર્ષની સખત કેદની સજા અને ૧૦હજારનો દંડની સજા ફટકારવામાં આવી છે.

# કાલોલ પોલીસ સાથે બબાલ કરનાર આરોપીના રેગ્યુલર જામીન કાલોલ કોર્ટે ફગાવ્યા. કોર્પોરેટર સહિત ચારેવ મહિલાઓ ફરાર

કાલોલ,

મંગળવારે કાલોલ કોર્ટ પાસે અને ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં પીઆઈ આર ડી ભરવાડ અને સ્ટાફ સાથે મહિલા કોર્પોરેટર જ્યોત્સનાબેન બેલદાર અને તેમના કુટુંબીઓ દ્વારા બોલાચાલી ઝપાઝપી થયા બાદ મહિલા કોન્સ્ટેબલના હાથે ફેકચર આવ્યુ હતું. બે મહિલા કોન્સ્ટેબલને ઈજાઓ થઈ હતી સમગ્ર મામલે ફરિયાદ થયા બાદ પ્રતીક સુરેન્દ્રભાઈ જોષીની અટકાયત કરવામાં આવી હતી જયારે અન્ય ચાર મહિલાઓ પોલીસ પકડ થી દુર ભૂગર્ભમાં ઉતરી ગઈ હોવાનુ જાણવા મળે છે. ગઈકાલે પ્રતીક જોષીને સાથે રાખી કાલોલ પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવ્યુ હતુ અને કોર્ટમાં રજૂ કરેલ જયાં પ્રતીક જોષી દ્વારા તેના એડવોકેટ મારફતે જામીન અરજી મુકવામાં આવી હતી અને દલીલો કરવામાં આવી હતી. જેનો આજરોજ ગુરૂવારે સવારે ચુકાદો આપવામાં આવ્યો હતો અને કાલોલ કોર્ટના સિનિયર સીવિલ જજ અને એડી ચીફ જયુ મેજીસ્ટ્રેટ એફ.બી.પઠાણ દ્વારા જામીન નામંજુર કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ કાલોલ પોલીસ દ્વારા અન્ય આરોપી મહિલાઓ કોર્પોરેટર જયોત્સનાબેન બેલદાર તથા અન્ય ની અટકાયત કરવાનાં ભાગ રૂપે તેઓના ઘરે તપાસ કરી હતી, પણ કોઈ મળી આવેલ ન હોવાનુ જાણવા મળેલ છે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની ઉત્તરવહીઓ તપાસ્યા વિના પરત કરનારા પ્રોફેસરોની ખેર નથી

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ જે તે વિષયની ઉત્તરવહીઓ તેના નિષ્ણાત અધ્યાપકોને તપાસવા માટે યુનિવર્સિટી દ્વારા કોલેજમાં મોકલવામાં આવી હતી, જે ઉત્તરવહીઓ નિયત સમયમાં તપાસીને યુનિવર્સિટીને પરત કરી દેવાની સૂચના હતી.

આમ, છતાં નિયત સમય પૂર્ણ થયા બાદ વધારાનો સમય પણ આપ્યો હોવા છતાં અમુક કોલેજોના અધ્યાપકોએ ઉત્તરવહીઓ તપાસ્યા વિના યુનિવર્સિટીને પરત મોકલી હતી. જે એક ગંભીર બાબત કહેવાય... આ બાબતને યુનિવર્સિટીએ ખૂબ



ગંભીરતાથી લીધી છે અને આવી રીતે જે અધ્યાપકોએ તપાસ્યા વિના ઉત્તરવહીઓ પરત કરી છે. તેમને નોટિસ મોકલવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળ્યું છે, કારણ કે જે તે અધ્યાપકોને માન્યતા યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે અને પરીક્ષાનું કાર્ય ખાસ કરીને ઉત્તરવહીઓ તપાસવાનું કાર્ય અધ્યાપકોનું છે, જે તેમને કરવું જ પડે. આમ, છતાં કોઈ વાજબી કારણ વગર ઉત્તરવહીઓ પરત મોકલી વિદ્યાર્થીઓના પરિણામ સાથે ચેડા કરી વિદ્યાર્થીઓને માર્કશીટ/ વિદ્યાર્થીઓનું પરિણામ વિલંબથી મળે તેવા બદઈરાદાથી જો કોઈએ ઉત્તરવહીઓ પરત કરી હશે, તો તેમની સામે નોટીસ સહિત અન્ય કડકમાં કડક શિસ્તભંગના પગલાંઓ લેવાશે તેવું જાણવા મળ્યું છે. આ સમાચારથી આવા અધ્યાપકોમાં ફફડાટ ફેલાવવા પામ્યો છે અને આગામી સમયમાં હવે અધ્યાપકો તપાસ્યા વિના ઉત્તરવહીઓ પરત કરતા પહેલા બે વાર વિચાર કરશે તે ચોક્કસ છે.

અત્રે ઉલ્લેખનીએ છે કે, ચાલુ વર્ષે લેવાયેલી પરીક્ષાઓની અધ્યાપકોને મોકલેલી ઉત્તરવહીઓ પૈકી ૧૦૦, ૨૦૦ કે ૫૦૦ હોય તો ઠીક છે, પરંતુ વિશ્વાસપાત્ર વર્તુળોના જણાવ્યા મુજબ ૧૧૦૦૦ ઉપરાંત ઉત્તરવહીઓ પરત આવી પરિણામે પરિણામ જાહેર કરવામાં વિલંબ થયો હોવાની પણ માહિતી પ્રાપ્ત થઈ છે.